તારણસ્તંભના ઊર્ધ્વભાગમાં મૂકવા. અધમ મંડપમાં પાંચ હાથનો સ્તંભ હોય તો અઢી (૨॥) હાથનું કાષ્ઠ મૂકવું. મધ્યમમાં (૬) છ હાથનો સ્તંભ છે તો ત્યાં ત્રણ (૩) હાથનું ફલક મૂકવું. ઉત્તમમાં સાત (૭) હાથનો સ્તંભ છે ત્યાં સાડાત્રણ (૩॥) હાથનું કાષ્ઠ મૂકવું. એ કાષ્ઠના અગ્રભાગમાં જે કાષ્ઠનું તોરણ હોય એ કાષ્ઠમાં અધમાદિ ક્રમથી નવ (૯) અગીયાર (૧૧) તેર (૧૩) આંગળનો ખીલો (કીલ) મારવો. ને તે ખીલાની પહોળાઈ અધમાદિ ક્રમથી સવા બે (૨।) પોણા ત્રણ (૨।।।) ને સવા ત્રણ (૩।) કરવી. શિવયાગમાં તે ખીલા ત્રિશૂલ આકારવાળા બનાવવા, ને વિષ્ણુયાગમાં ખીલાઓનું પ્રમાણ વિશેષ છે. અધમાદિ ક્રમથી દશ (૧૦) આંગળ પહોળાઈ ને અઢી (૨॥) આંગળ લંબાઈ. મધ્યમાં (૧૨) બાર ને ત્રણ (૩) પહોળાઈ. ઉત્તમમાં ચૌદ (૧૪) ને સાડા ત્રણ (૩॥) એવી રીતે બનાવવા. એ તોરણોના કાષ્ઠમાં નીચે અગ્રભાગમાં (શાળ) માં એક છિદ્ર બનાવવું ને અનુક્રમે ।૨।૩।૪। આંગળનો ખીલો તે કાષ્ઠમાં ઘાલવો, ને તોરણ સ્તંભોનો પંચમાંશ ભાગ જમીનમાં નાખવો. ઉપજાતિ ને ઇન્દ્રવજ્રા છન્દ છે. ॥ ૨૫ ॥ ૨૬ ॥

॥ મંડપના બહાનાથી મંડપ બનાવવાવાળાઓને આશિર્વાદ ॥

उद्यत्पत्रफलातिनम्रविलसद्रंभाभिरालिंगितस्तंभोनेकदलै रसालविटपैः सर्वत्र संवेष्टितः ।
राजच्चामरसंप्रबद्धमुकुरोदंचद्वितानांचितो युक्तः पुष्पफलैः फलाय भवतां भूयान्महामंडपः ॥ २७ ॥

अन्वयः—महामंडपः भवतां फलाय-भूयात् । कीदृशः मंडपः ? उद्यत्पत्रफलातिनम्रविलसद्रंभाभिः आलिंगितः स्तंभः, पुनः अनेकदलैः रसालविटपैः सर्वत्र संवेष्टितः, पुनः राजचामरसम्प्रवृद्धमुकुरोद्यद्वितानान्वितः पुनः पुष्पफलैः युक्तः २७

(સ૦ ટી૦)—પાંદડા ને ફૂલોની સમૃદ્ધિથી શાન્ત ને સુન્દર એવો કેળના વૃક્ષોથી સુશોભિત ને આંબાના પાણડાઓના તોરણો ચારે દિશાઓમાં વેષ્ટિત છે. ને ચામર દર્પણ આદિ અનેક પ્રકારના ને અનેક પ્રકારે પુષ્પોથી યુક્ત એવો મંડપ તમારા લોકોના કલ્યાણને માટે થાવો. શાર્દૂલવિક્રીડિત છન્દ છે. ॥ ૨૭ ॥

॥ ધ્વજાનો પ્રકાર ॥

ध्वजान् द्विहस्तायतिकांश्च पंचहस्तान्सुपीतारुणकृष्णनीलान् । श्वेतासितश्वेतसितान् दिगीशवाहान् वहेद्दिक्करवंशशीर्षे ॥ २८ ॥

अन्वयः—द्विहस्तायतिकान् पञ्चहस्तान् सुपीतारुणकृष्णनीलान् श्वेतासितश्वेतसितान् दिगीशवाहान् ध्वजान् दिक्करवंशशीर्षे वहेत् ॥ २८ ॥

(સ૦ ટી૦)—આ ધ્વજાઓનું મૂકવાનું પૂર્વાદિ દિશાથી જાણવું. આઠ ધ્વજાઓ બે (૨) હાથ પહોળી ને પાંચ (૫) હાથ લાંબી હોવી જોઇએ. મે પૂર્વ દિશામાં પીળો રંગ ને હાથીના ચિત્રવાળી ઇન્દ્રની ધ્વજા. (૧) અગ્નિકોણમાં લાલ વર્ણ ને (બકરા) ના ચિહ્નયુક્ત અગ્નિની ધ્વજા. (૨) દક્ષિણમાં કાળો રંગ

ભેંસના ચિહ્ન સાથે યમની ધ્વજા. (૩) નૈર્ઋત્યમાં ગળી જેવો રંગ (નીલવર્ણ) સિંહયુક્ત રાક્ષસધ્વજ. (૪) પશ્ચિમમાં સફેત માછલાનું ચિહ્ન વરૂણધ્વજ. (૫) વાયુકોણમાં લીલોવર્ણ મૃગનું ચિહ્ન વાયુધ્વજ. (૬) ઉત્તરમાં શુકલવર્ણ અશ્વ (ઘોડા) નું ચિહ્નયુક્ત કુબેરધ્વજ. (૭) ઈશાનમાં શુકલવર્ણ બળદના ચિહ્નયુક્ત શિવધ્વજ. એવી દરેક ધ્વજાઓને માટે દશ (૧૦) હાથનો વાંશ લેવો જોઇએ. ધ્વજાઓ ન કરવાથી હવનાદિ કાર્ય નિષ્ફળ થાય છે. વિપરીતાખ્યા છન્દ છે[1]. ॥ ૨૮ ॥

॥ પતાકા નવમી કુંડપતાકાનો પ્રકાર ॥

लोकेशवर्णास्त्रयुताः पताकाः शैलेंदुदैर्घ्यायति-
काश्च मध्ये । चित्रं ध्वजं दिक्करदैर्घ्यवंशात्रिदोस्ततं
प्रांतगकिंकिणीकम् ॥ २९ ॥

श्वेतां च नवमीं पूर्वेशानयोर्मध्यतो बुधः ।
विन्यसेत्तु पताकांश्च ध्वजांस्तानपि पूर्ववतः ३०

अन्वयः—लोकेशवर्णास्त्रयुताः शैलेंदुदैर्घ्यायतिकाः पताकाः निवेशयेत्, दिक्करदैर्घ्यवंशात्रिदोस्ततं प्रांतगकिंकिणीकम् । एवंभूतं चित्रं ध्वजं निवेशयेत्. श्वेतां नवमीं पताकां पूर्वेशानयोः मध्ये निवेशयेत् तान् ध्वजान् च पूर्ववतः निवेशयेत् ॥ २९ ॥ ३० ॥

(स० टी०)—આઠે (૮) પતાકાઓ ૭ હાથ લાંબી ને એક ૧ હાથ પહોળી તે ત્રિકોણ આકારેવાળી પીળાસહિત પ્રથમ

---

[1] अकरणे दोष पंचरात्रे । चित्रध्वजसुरश्रेष्ठा ध्वजहीन सुरालयं । ध्वजेन रहिते प्रसन्न मंडपे तु वृथा भवेत् ॥

કહેલા વર્ણ ને વજ્રાદિ આયુધ સહિત દશ ૧૦ હાથના વાંશમાં મૂકવી. પૂર્વાદિ દિશાના ક્રમથી મૂકવી. દશ આયુધોના નામ, વજ્ર, શક્તિ, દંડ, ચક્ર, પાશ, અંકુશ, ગદા, ત્રિશૂલ (૨૮) મા શ્લોકમાં કહેલા રંગો. મધ્યમાં ૧૦ હાથના વાંસડા સહિત સાત (૭) હાથ લાંબી ને (૩) હાથ પહોળી ને ચામરયુક્ત ચિત્રવિચિત્ર વર્ણ કરવો. આ પતાકાઓને પણ ધ્વજાસહિત પંચમાંશ જમીનમાં ઘાલવો. સફેદ રંગવાળી નવમી પતાકા પૂર્વ ને ઈશાનના મધ્યમાં ઘાલવી. એવી રીતે ધ્વજા ને પતાકાઓ મળી કુલ ૧૮ થઈ ને ધ્વજા પતાકાઓની પૂજા કરવી. ઇન્દ્રવજ્રા ને અનુષ્ટુપ્ છન્દ છે[1]. ॥ ૨૯ ॥ ૩૦ ॥

॥ નવકુંડ મૂકવાનો પ્રકાર ॥

प्राच्याश्चतुष्कोणभगेंदुखंडत्रिकोणवृत्तांगभुजांबुजानि।
अष्टास्रि शक्रेश्वरयोस्तु मध्ये वेदास्रि वा वृत्तमुशंति कुंडम् ॥ ३१ ॥

अन्वयः—प्राच्याः चतुष्कोणभगेन्दुखंडत्रिकोणवृत्तांगभुजानि अष्टास्रि कुंडम् शक्रेश्वरयोः मध्ये वेदास्रि वा वृत्तं कुंडम् उशंति ॥ ३१ ॥

(स० टी०)—પૂર્વમાં ચતુરસ્ર (૧) અગ્નિકોણમાં યોનિ

---

[1] सारसंग्रहे–प्रतिकुण्डं पताकास्तु प्रोक्ताः स्युः शास्त्रकोविदैः । सप्तहस्तपताकाः स्युः सप्तमांशेन विस्तृताः ॥ लोकपालानुवर्णेन नवमी तु हिमप्रभा । पताकाश्च ध्वजाश्चापि गंधपुष्पसमन्विताः ॥ परशुरामः–त्रिहस्तविततो दीर्घो दशहस्तो विनिर्मितः । चामरेणान्वितः शीर्षे प्रांते सक्षुद्रघंटिकः ॥ दशहस्तोद्धृतो दंडे पुष्पगंधैः समन्विते । प्रकारान्तरं—पंचहस्ता ध्वजाः प्रोक्ता विस्तृताश्च द्विहस्तकाः । अथवा बाहुमात्राः स्युः सर्वा वितृतिविस्तृताः ॥

(૨) દક્ષિણમાં અર્ધચન્દ્ર (૩) નૈઋત્યમાં ત્રિકોણ (૪) પશ્ચિમમાં ગોળ (૫) વાયુકોણમાં ષટ્કોણ (૬) ઉત્તરમાં પદ્માકાર (૭) ઇશાનમાં અષ્ટકોણ (૮) પૂર્વ ને ઈશાનના મધ્યમાં નવમો આચાર્યકુંડ ચતુરસ્ર અથવા વર્તુલ આ પ્રમાણે નવકુંડની રચના કરવી. વિપરીતાખ્યા છન્દ છે. ॥ ૩૧ ॥

॥ પંચકુંડ તથા એક કુંડનો પ્રકાર ॥

आशेशकुंडैरिह पंचकुंडी चैकं यदा पश्चिमसोमशैवे । वेद्याः सपादेन करेण यद्वा पादांतरेणाखिलकुंडसंस्था ॥ ३२ ॥

अन्वयः—इह आशेशकुंडैः पंचकुंडी यदा च एकं कुंडं तदा पश्चिमसोमशैवे वेद्याः सकाशात् सपादेन करेण यद्वा पादान्तरेण अखिलकुंडसंस्था भवति ॥ ३२ ॥

(સં૦ ટી૦)—પંચકુંડીમાં પૂર્વમાં ચતુરસ્ર (૧) દક્ષિણમાં વૃત્ત (૨) પશ્ચિમમાં અર્ધચન્દ્ર (૩) ઉત્તરમાં પદ્મ (૪) ઈશાનમાં ચતુરસ્ર. (૫) અથવા એક (૧) કુંડ બનાવવો હોયતો પશ્ચિમ યા ઉત્તર યા ઈશાન દિશામાં માત્ર ચતુરસ્ર બનાવવો જોઇએ, તે કુંડો મહાવેદીથી ૩૦ આંગળ છોડીને અથવા મહાવેદીથી તૃતીયાંશ ભાગ વર્જ્ય કરીને કુંડ બનાવવા. ઇન્દ્રવજ્રા છન્દ છે. ॥ ૩૨ ॥

॥ બ્રાહ્મણાદિ વર્ણથી કુંડપ્રકાર ॥

विप्राच्चतुरस्रं च वृत्तं च वृत्तार्धं त्र्यस्त्रिस्याद्वेदकोणानि वापि । सर्वाण्याहुर्वृत्तरूपाणि चान्ये योन्याकाराण्यंगनानां तु तानि ॥ ३३ ॥

अन्वयः—विप्रात् श्रुत्यस्रं वृत्तं वृत्तार्द्धं त्र्यस्रि स्यात्, वा समानि अपि वेदकोणानि अन्ये सर्वाणि वृत्तरूपाणि च आहुः, तानि अङ्गनानां तु योन्याकाराणि भवन्ति ॥ ३३ ॥

(स० टी०)—બ્રાહ્મણને ચતુરસ્ર (૧) ક્ષત્રિયને વૃત્ત (૨) વૈશ્યને અર્ધચન્દ્ર (૩) શૂદ્રને ત્રિકોણ. કોઈ મત એવો છે કે દરેકને માટે વૃત્ત કુંડ શ્રેષ્ઠ છે. સ્ત્રી યજમાન હોય તો યોનિકુંડ કરવો. શાલિની છન્દ છે.[1] ॥ ૩૩ ॥

॥ દરેક કુંડોનું ફલ ॥

सिद्धिः पुत्राः शुभं शत्रुनाशः शांतिर्मृतिच्छिदे ।
वृष्टिरारोग्यमुक्तं हि फलं प्राच्यादिकुंडके ॥३४॥

अन्वय—प्राच्यादिकुंडके हि सिद्धिः, पुत्राः, शुभम्, शत्रुनाशः, शान्तिः, मृतिच्छिदे, वृष्टिः आरोग्यम्, फलं उक्तम् ३४

(स० टी०)—પૂર્વદિશાના કુંડમાં કોઈપણ કાર્યની સિદ્ધિ. અગ્નિકોણમાં પુત્રપ્રાપ્તિ. તેમ અનુક્રમે શુભ, શત્રુનાશ, શાન્તિ, મારણ, વૃષ્ટિ, આરોગ્ય. એ પ્રમાણે દરેક ફલો છે. વધુ ફલો શારદાતિલક નામના ગ્રન્થમાં છે. અનુષ્ટુપ્ છન્દ છે.[2] ॥ ૩૪ ॥

---

[1] विप्राणां चतुरस्रं स्याद्राज्ञां वर्तुलमिष्यते । वैश्यानामर्धचंद्राभं शूद्राणां त्र्यस्रमीरितम् ॥ चतुरस्रं तु सर्वेषां केचिदिच्छन्ति तांत्रिकाः । शारदायां पंचरात्रे सर्वाणि तानि वृत्तानि चतुरस्राणि वा सदा । सनत्कुमारः-स्त्रीणां कुंडानि विप्रेन्द्र योन्याकाराणि कारयेत् ॥

[2] कामिकेः-ऐंद्र्यास्तंभे चतुष्कोणमग्निभागे भगाकृतिम् । चन्द्रार्धं मारणे याम्ये द्वेषे त्र्यस्रं तु नैर्ऋते ॥ वारुण्यां शान्तिके वृत्तं षडस्रमुच्चाटनेऽनिले । उदीच्यां पौष्टिके पद्मं रौद्र्यामष्टास्रमुक्तिदम् ॥

॥ હોમ સંખ્યાનુસાર કુંડપ્રકાર ॥

शतार्द्धे रत्निः स्याच्छतपरिमितेऽरत्निविततं
सहस्रे हस्तं स्यादयुतहवने हस्तयुगलम् ॥
चतुर्हस्तं लक्षे प्रयुतहवने षट्करमितं
ककुब्भिर्वा कोटौ नृपकरमपि प्राहुरपरे ॥३५॥

अन्वयः—शतार्द्धे रत्निः स्यात् शतपरिमिते अरत्निविततं स्यात्, सहस्रे हस्तं स्यात्, अयुतहवने हस्तयुगलम्, लक्षे चतुर्हस्तं स्यात्, प्रयुतहवने षट्करम्, कोटौ ककुब्भिः वा अपरे नृपकर प्राहुः ॥ ३५ ॥

(સ० ટી०)—પચાસ (૫૦) આહુતિઓમાં રત્નિ (૨૧ આંગળ) પ્રમાણે કુંડ કરવો સો (૧૦૦) આહુતિઓમાં અરત્નિ (૨૨॥ આગળ) નો કુંડ. સહસ્ર (૧૦૦૦) આહુતિઓમાં એક હસ્ત દશ હજારમાં (૧૦૦૦૦) બે (૨) હાથનો, લાખ (૧૦૦૦૦૦) ચાર (૪) હાથનો દશ લાખમાં (૧૦૦૦૦૦૦) છ (૬) હાથ, કરોડ (૧૦૦૦૦૦૦૦) માં આઠ (૮) હાથનો અથવા દશ (૧૦) હાથનો, કોઈના મનમાં સોળ (૧૬) હાથનો કુંડ કરવો શિખરિણી નામનો છન્દ છે[1] ॥ ૩૫ ॥

---

[1] मुष्टिमात्रं शतार्धे [illegible] शते चारत्निमात्रकम् । सहस्रे स्वयं होतव्ये कुण्डं कुर्यात्करात्मकम् ॥ द्विहस्तमयुते स्यात् लक्षहोमे चतुष्करम् । दशलक्षमिते होमे षट्करं संप्रचक्षते ॥ अष्टहस्तात्मकं कुण्डं कोटिहोमेषु शस्यते । भविष्यपुराणे-शारदायां-दशहस्तमितं कुण्डं कोटिहोमेऽपि शस्यते । रुद्रादि-कोटिहोमे चतुरस्रं चतुरस्रं समंततः । योनिवक्त्रद्वयोपेतं तदप्याहुस्त्रिमेखलम् ॥

॥ બીજાઓના મતમાં કુંડમાનનો પ્રકાર ॥

लक्षैकवृद्ध्या दशलक्षकांतं करैकवृद्ध्या दशहस्तकं च । कोट्यर्धदिग्विंशतिलक्षलक्षदले मुनीष्वर्तुकृशानुहस्तम् ॥ ३६ ॥

अन्वयः—लक्षैकवृद्ध्या दशलक्षकान्तं करैकवृद्ध्या दशहस्तकं च कार्यमिति शेषः । पुनः कोट्यर्धदिग्विंशतिलक्षलक्षदले मुनीष्वर्तुकृशानुहस्तं कुंडं कार्यमिति ॥ ३६ ॥

(स० टी०)—એક લાખ આહૂતિનો હોમ હોય તો એક હાથનો, બે લાખ આહૂતિનો હોમ હોય તો બે. (૨) લાખ તેવી રીતે દશ લાખ આહૂતિમાં દશ હાથનો કુંડ કરવો. એક મત ૫૦ લાખ હોમમાં ૭ હાથનો. ૧૦ લાખ હોમમાં (૫) પાંચ હાથનો. (૨૦) વીસ લાખ હોમમાં છ (૬) હાથનો. ૫૦ હજાર હોમમાં ત્રણ (૩) હાથનો કુંડ કરવો. ઉપજાતિ વૃત્ત છે.[1] ॥૩૬॥

॥ એક હાથથી દશ હાથ સુધીના કુંડોનું ભુજમાન ॥

वेदाक्षीणि युगाग्नयः शशियुगान्यष्टाब्धयस्त्रीपवोऽष्टाक्षा वह्निरसा रसांगकमिता नेत्रर्षयोऽक्षस्वराः ॥ अंगुल्योऽथ यवाः खमभ्रमिपवः खं पंचपट् सागराः सताभ्रं मुनयस्त्वमी निगदिता वेदास्रके बाहवः ॥ ३७ ॥

---

[1] शारदायां–एकहस्तमितं कुंडं लक्षहोमे विधीयते । लक्षाणां दशकं यावत्तावद्धस्तेन वर्धयेत् । सिद्धान्तशेखरे–लक्षार्धे त्रिकरं कुंडं लक्षहोमे चतुष्करम् । कुंडं पंचकरं प्रोक्तं दशलक्षाहुतौ क्रमात् ॥ षड्हस्तं लक्षविंशत्यां कोट्यर्धे सप्तहस्तकम् ॥

अन्वयः—वेदाक्षीणि २४ युगाग्नयः ३४ शशियुगानि ४१ अष्टाब्धयः ४८ त्रीषवः ५३ अष्टाक्षाः ५८ वह्निरसाः ६३ रमाङ्ककमिताः ६६ नेत्रर्षयः ७५ अक्षस्वराः ७५ अङ्गुल्यः। अथ यवाः खं अभ्रम् इषवः (५) खम् (०) पञ्च ५, षट् ६ सागराः ४ सप्त ७ अभ्रम्० मुनयः ७ अमी बाहवः वेदात्मके कुंडे निगदिताः ॥ २७ ॥

(स० टी०)—એક હસ્તના કુંડમાં (૨૪) ચૌવીસ (આંગળનાં) યવનો હાથ કહ્યો છે. બે (૨) હાથના કુંડમાં ૩૪ આંગળને યવ. ૩ (ત્રણ) હાથના કુંડમાં ૪૧ આંગળને પાંચ (૫) યવ. ૪ ચાર હાથમાં ૪૮ (અડતાલીશ) આંગળને ૦ યવ એ પ્રકારે દરેક દરેક કુંડમાં જાણી લેવું. શાર્દૂલવિક્રીડિત છન્દ છે. ॥ ૩૭ ॥

॥ કુંડઉપર યોનિ મૂકવાનો પ્રકાર ॥

कुंडत्रयी दक्षिणयोनिरैन्द्याः सौम्याग्रका स्यादितराणि पंच। पश्चाद्भगानींद्रदिगग्रकाणि योनिर्न कोणे न च योनिकुंडे ॥ ३८ ॥

अन्वयः—ऐन्द्याः कुण्डत्रयी दक्षिणयोनिः सौम्याग्रका स्यात्, इतराणि पञ्चकुण्डानि पश्चात् भगानि इन्द्रदिगग्रकाणि भवन्ति कोणे योनिकुंडे च योनिः नास्ति ॥ २८ ॥

(स० टी०)—પૂર્વાદિ દિશાના ક્રમથી ત્રણ કુંડ થાય છે ચોરસ, યોનિ, ને અર્ધચન્દ્ર, એ કુંડોમાં દક્ષિણભાગમાં યોનિ લાગે છે, ને ઉત્તર બાજુ યોનિનો અગ્રભાગ થાય છે. બીજા જે પાંચ કુંડો એમાં પશ્ચિમ દિશામાં યોનિ થાય છે ને અગ્રભાગ પૂર્વતરફ

હોય છે. નવમો જે કુંડ તેને ઇશાન ને પૂર્વની મધ્યમાં તેને પશ્ચિમમાં યોનિ થાય છે. વિશેષ—યોનિ કુંડમાં યોનિ લાગતી નથી. જેમ પદ્મકુંડમાં નાભિ નથી થતી. ઇન્દ્રવજા છન્દ છે.[1] ॥૩૮॥

સર્વ કુંડોની પ્રકૃતિભૂત ચતુષ્કોણ સાધન.

द्विघ्नव्यासं तुर्यचिह्नं सपाशं सूत्रं शंकौ पश्चिमे पूर्वगेऽपि । दत्त्वा कर्षेत्कोणयोः पाशतुर्ये स्यादेवं वा वेदकोणं समानम् ॥ ३९ ॥

अन्वयः—द्विघ्नव्यासं तुर्यचिह्नं सपाशं सूत्रं पश्चिमे शंकौ पूर्वगेऽपि शंकौ दत्त्वा कोणयोः पाशतुर्ये कर्षेत् एवं वेदकोणं समानं भवति वा पादपूरणे ॥ ३९ ॥

(स० टी०)—પ્રથમ દિશાઓ સિદ્ધ કરી. બન્ને–છેડાપર–પાશ કરેલી દોરી કુંડના વ્યાસથી બમણી ભરી લેવી. પછી તેના ચાર ભાગ કરવા તેમાં બરોબર સરખે અંતરે ચિહ્ન કરવાં એટલે તેમાં ત્રણ ચિહ્ન આવશે. પછી પૂર્વ ને પશ્ચિમ (૨૪ અંગુલને છેટે) બે શંકુઓ મૂકવી તેમાં દિશાના એક એક પાશ પરોવવા પછી વચ્ચેનું જે ચિહ્ન બરોબર દક્ષિણ દિશાની મધ્ય રેખા ઉપર આવે તેમ અગ્નિ તથા નૈર્ઋત્ય કોણમાં દોરીનાં બાકીનાં ચિહ્ન બે ખેંચવા. એટલે દક્ષિણ દિશા તરફનું અર્ધ ચતુરસ્ર થાય એમ બન્ને અર્ધ મળી સંપૂર્ણ ચતુરસ્ર સરખા

---

[1] त्रैलोक्यसारे–नवमस्यापि कुंडस्य योनिर्दक्षदले स्थिता। अन्यत्र–नार्पयेत्कुंडकोणेषु योनिं तां तंत्रवित्तमः ॥ योनिकुंडे तथा योनिं पद्मे नाभिं विवर्जयेत् ॥

કર્ણ નાખવાથી થાય. સમચતુસ્રની લંબાઈ અને પહોળાઈના ગુણાકારથી ક્ષેત્રફલ આવે છે.

જેમકે એક હસ્તના કુંડના ૨૪ અંગુલ છે એટલે ચતુરસ્રમાં તેના ચાર ભુજ સરખા છે. તેથી ૨૪ લંબાઈ અને ૨૪ પહોળાઈ (૨૪) અંગુલ છે તેનો ગુણાકાર $\left.\begin{matrix}૨૪\\ \times૨૪\end{matrix}\right\}$૫૭૬ ક્ષેત્રફલ થાય. એવી રીતે બીજું પણ જાણવું. શાલિનીવૃત્ત છે.[1] ॥ ૩૯ ॥

॥ યોનિકુંડ ॥

क्षेत्रे जिनांशे पुरतः शरांशान्संवर्ध्य च स्वीय-
रदांशयुक्तान् । कर्णांघ्रिमानेन लिखेन्दुखंडे प्र-
त्यक्पुरोंकाद्गुणतो भगाभम् ॥ ४० ॥

अन्वयः—हे शिष्य जिनांशे क्षेत्रे स्वीयरदांशयुक्तान् शरांशान् पुरतः संवर्ध्य कर्णाघ्रिमानेन प्रत्यक्पुरोऽङ्कात् इन्दुखंडे लिख ततः गुणतः भगाभं कुंडं भवतीति शेषः ॥ ४० ॥

(स० टी०)—હે શિષ્ય અંગુલના ક્ષેત્રને વિષે તેના ૨૪ ભાગ કરીને તેમાંથી ૫ ભાગ પોતાના ૩૨ મા ભાગ સહિત લઇને તત્પરિમિત ક્ષેત્ર ઉત્તર તરફ વધારવું પછી ચતુરસ્રના કર્ણના ચતુર્થાંશ પ્રમાણ વ્યાસાર્ધથી ચતુરસ્રના દક્ષિણમાં દક્ષિણબિન્દુથી પૂર્વ બિન્દુસુધી એક અને દક્ષિણ બિન્દુથી પશ્ચિમ બિન્દુસુધી એક એવા બે વૃત્ત કરવા. અને વૃત્તાર્ધના પૂર્વ પશ્ચિમ બિન્દુથી વર્ધિત ક્ષેત્રના ઉત્તર બિન્દુસુધી બે સૂત્ર દેવા એટલે યોનિકુંડ થશે.

---

[1] क्षेत्रफलस्य सूत्रं-समश्रुतौ तुल्यचतुर्भुजे च तथायते तद्भुजकोटिघात. ।

૫ ભાગનો ૩૨ મો ભાગ ૦—૧—૨—તે સહીત ૫ મો ભાગ ૨૪ અંગુલના અર્ધમાં ઉમેરતાં ૧૨—૦—૦—૦
૫—૧—૨—૦

૧૭—૧—૨ લંબ થાય છે. ૧૨ ગુણતાં તેનો મોટો ભાગ ત્રિકોણ થતાં તેનુ ક્ષેત્રનું ફલ. મો૦ ૨૦૫—૭—૦—થયું.

હવે નાના ત્રિકોણનું ક્ષેત્રફલ ૧૨—૦
×૧૨—૦
૧૪૪—૦ થયું.

મો૦ ૨૦૫—૭—૦—૦—૦
ના૦ ૧૪૪—૦—૦—૦—૦
અર્ધવૃત—ક્ષેત્રફલ ૧૧૩—૦—૬—૨—૪
૧૧૩—૦—૬—૨—૪
કુલક્ષેત્રફલ ૫૭૬—૦—૪—૫—૦

ચતુરસ્રનો કર્ણ. અં. ૩૩. ય. ૭ યૂ. ૪—લી. ૨ તેનો અર્ધ ૧૬—૭—૬—૧ વૃત્તાર્ધનો વ્યાસ થાય છે. તેનો વર્ગ ૨૮૮ છે. તેને ૩૯૨૭ થી ગુણી ૫૦૦૦ થી ભાગતાં ૨૨૬—૧—૫—૦ એ બે વૃત્તાર્ધનું ક્ષેત્રફલ થયું એટલે એકનું ૧૧૩—૦—૬—૨—૪ બીજાપણ તેટલું બધાનો ટોટલ ૫૭૬—૫ થયો. ઇન્દ્રવજ્રા છન્દ છે.[1] ॥ ૪૦ ॥

॥ અર્ધચન્દ્ર અથવા વૃતાર્ધ ॥

स्वशतांशयुतेषु भागहीनः स्वधरित्रीमितकर्क-

---

[1] उक्तंच–स्थापने सर्वकुंडानां ध्वजायः सर्वसिद्धिदः । मात्रांशो नाधिकं हीनं दासदरी न दूषयेत् ॥ आयदोषविशुध्यर्थं क्रियते शास्त्रकोविदैः ॥

टेन मध्यात् । कृतवृत्तदलेऽग्रतश्च जीवां विदधात्विंदुदलस्य साधुसिद्ध्यै ॥ ४१ ॥

अन्वयः—हे शिष्य भवानिति शेषः इन्दुदलस्य अर्धचन्द्रकुंडस्य साधुसिद्ध्यै मध्यात् स्वशतांशयुतेषु भागहीनः स्वधरित्रीमितकर्कटेन कृतवृत्तदले सति अग्रतः जीवां ज्यां विदधातु इति ॥ ४१ ॥

(સ૦ ટી૦)—હે શિષ્ય ૨૪ અંગુલ ક્ષેત્રમાંથી તેનો પંચમાંશ અને તે પંચમાંશનો શતાંશ બાદ કરીને જે શેષ રહે તત્પરિમિત વ્યાસાર્ધથી મધ્ય બિન્દુથી ક્ષેત્રના દક્ષિણ તરફ વૃત્તાર્ધ કરીને તેના બે અગ્રને જ્યા રૂપ સૂત્ર દેવું એટલે વૃત્તાર્ધ કુંડ થશે.

૨૪ અંગુલનો પંચમાંશ ૪-૬-૩-૧-૫
તેનો શતાંશ ૦-૦-૩-૦-૪
મળીને ૪-૬-૬-૨-૧

ઉપરના ટોટલને ૨૪ આંગળમાંથી બાદ કરતાં ૨૪-૦-૦-૦-૦
૪-૬-૬-૨-૧
બાકી ૧૯-૧-૧-૫-૭
૧૯-૧-૧-૫-૭
તે વ્યાસાર્ધ થયું; અને વ્યાસ ૩૮-૨-૩-૩-૬

તેનો વર્ગ ૧૪૬૭-૧-૫-૪-૩ તેને ૩૬૨૭ થી ગુણી ૫૦૦૦ થી ભાગતાં ૧૧૫૨-૨-૬-૦ વૃત્તનું ક્ષેત્રફલ થયું, તેનું અર્ધ ૫૭૬-૧-૩-૨ વૃત્તાર્ધનું ક્ષેત્રફલ ગુણાકાર ૫૭૬૧૭૪૦ વસન્તતિલકાવૃત્ત છે. ॥ ૪૧ ॥

॥ ત્રિકોણ અને વૃત્તકુંડ પ્રકાર ॥

वह्न्यंशं पुरतो निधाय च पुनः श्रोण्योश्चतुर्थांशकं चिह्नेषु त्रिषु सूत्रदानत इदं स्यात्त्र्यस्रि कष्टोज्झितम् । विश्वां (१३)शैः स्वजिनांशकेन सहितैः क्षेत्रे जिनांशे कृते व्यासार्धेन मितेन मंडलमिदं स्याद् वृत्तसंज्ञं शुभम् ॥ ४२ ॥

अन्वयः—चतुरस्रक्षेत्रस्य वह्न्यंशं पुरतः निधाय पुनः श्रोण्योः क्षेत्रस्य चतुर्थांशकं निधाय पुनः त्रिषु चिह्नेषु सूत्रदानात् कष्टोज्झितं त्र्यस्रिकुंडं स्यात् क्षेत्रे जिनांशे कृते सति स्वजिनांशकेन सहितैः क्षेत्रस्य विश्वांशैः व्यासार्धेन मितेन कर्कटेन मंडलम् इदं शुभं वृत्तसंज्ञं कुंडं स्यात् ॥ ४२ ॥

(स० टी०)—૨૪ અંગુલ ક્ષેત્રનો તૃતીયાંશ અગ્રતરફ વધારીને શ્રોણિના બેઉ બાજુ ઉપર ચતુર્થાંશ વધારવા અને ત્રણે અગ્રોને જોડનાર બે સૂત્ર દેવા એટલે કષ્ટ રહીત ત્ર્યસ સિદ્ધ થાય. ક્ષેત્રના ૨૪ ભાગ કરી તેમાંથી તેર ભાગ પોતાના ૨૪ મા ભાગ સહિત લઇને તત્પરિમિત વ્યાસાર્ધથી ક્ષેત્રના મધ્ય બિન્દુથી વૃત્ત કરવું એટલે વૃત્તકુંડ થશે.

ક્ષેત્રનો તૃતીયાંશ ૮ અંગુલ અગ્ર વધારવાથી લંબ ૩૨ અંગુલ અને ચતુર્થાંશ ૬ અંગુલ બે બાજુ વધારવાથી ૩૬ અંગુલ અને ભુજા અર્ધ ૧૮

લં. ૩૨
ભુ. અ. ૧૮
ક્ષેત્રફલ ૫૭૬

૧૩ ને તેના ૨૪ થી ભાગ ૦-૪-૨-૫-૩ મળી ૧૩-૪-૨-૫-૩ થયા તે વ્યાસાર્ધ થયું, તેનો બમણો ૨૭-૦-૫-૨-૬ વ્યાસ તેનો વર્ગ ૭૩૩-૪-૧-૦ તેને ૩૯૨૭ થી ગુણી ૫૦૦૦ થી ભાગતાં ક્ષેત્રફલ-૫૭૬-૦-૦-૬-૫-વૃત્તનું થશે ગુણાકાર ૨૮૮૦૫૧૫ થાય શાર્દૂલ વિક્રીડીત છન્દ છે.[1] ॥ ૪૨ ॥

॥ ષડસ્ર કુંડ ॥

भक्ते क्षेत्रे जिनांशैर्धृतिमितलवकैः स्वाक्षिशैलांशयुक्तैर्व्यासार्द्धान्मंडले तन्मितधृतगुणके कर्कटे चेंदुरिक्तः ॥
षड्चिह्नेषु प्रदद्याद्रसमितगुणकानेकमेकं तु हित्वा नाशे संध्यर्तुदोषामपि च धृतिकृतेर्नेत्ररम्यं षडस्रम् ॥ ४३ ॥

अन्वयः—क्षेत्रे जिनांशैः भक्ते क्षेत्रेण स्वाक्षिशैलांशयुक्तैः धृतिमितलवकैः तावता व्यासार्द्धेन मंडले कृते सति तन्मितधृतगुणके वा कर्कटे इन्दुरिक्तः परिवर्तनेन षड्चिह्नेषु एकमेकं हित्वा षड् सूत्राणि प्रदद्यात् ततः संध्यर्तुदोषां नाशे अपि च धृतिकृतेर्नाशे नेत्ररम्यं षडस्रं भवति ॥ ४३ ॥

(स० टी०)—૨૪ અંગુલ ક્ષેત્રના ૨૪ ભાગ કરીને તેમાંથી ૧૮ ભાગ પોતાના ૭૨ મા ભાગ સહિત લઇને તત્પરિમિત વ્યાસાર્ધથી વૃત્ત દોરવું. પછી તેજ કર્કટકથી ઉતર બિન્દુથી પ્રારભ કરીને વૃત્તમાં ૭ ચિહ્ન કરવાં, અને એક એક ચિહ્ન

---

[1] लीलावत्यां—लम्बगुण भूम्यर्द्धं स्पष्ट त्रिभुजे फल भवति ॥

વચમાં મૂકીને સામસામા ચિહ્નને જોડનારાં એવા ૬ સૂત્ર દેવાં, પછી મધ્ય સંધીના ૬ ભુજ અને વૃત્ત કાઢી નાંખવાથી નેત્રરમ્ય ષડસ્ર થશે.

૧૮ ભાગનો ૭૨ મો ભાગ —૦—૨ તેમાં ઉમેરતાં —૧૮—૨ વ્યાસાર્ધ થયો, અને વ્યાસ ૩૬—૪ થયો, અને વ્યાસનો ચતુર્થાંશ બાદ કરતાં લંબ ૨૭—૩ (ત્રણ) થાય છે.

વ્યાસાર્ધ ૧૮—૨—૦

વ્યાસને એટલે—૩૬—૪—ને ×૧૦૩૯૨૩ } त्रिघ्नांकाब्धि-नभश्चन्द्रैः

વ્યાસ ૩૬—૪—૦

લંબ ૨૭—૩—૦

ગુણાકાર કરી ÷ ૧૨૦૦૦૦ થી ભાગતાં તેનો ભુજ ૩૧-૪-૭ લંબને એટલે ૨૭—૩—ને ભુજાર્ધ ૧૫—૯—૩—૪ થી ગુણતાં મોટા ત્રિકોણનું ક્ષેત્રફલ ૪૩૨—૫—૧—૬ થયું.

લઘુભુજ ૧૦—૪—૨—૩ લઘુલંબ ૯—૧ તેને લઘુભુજાર્ધથી ૫—૨—૧—૧ થી ગુણતાં ૪૮—૦—૪—૬—૫ એક નાના ત્રિકોણનું ક્ષેત્રફલ થયું તેને ત્રણે ગુણતાં ત્રણનું ૧૪૪—૧—૬—૩—૭ તેમાં ૪૩૨—૫—૧—૬ ઉમેરતાં ૫૭૬—૭—૦—૧—૭ ક્ષેત્રફલ. સ્રગ્ધરા નામનો છન્દ છે. ॥ ૪૩ ॥

॥ બીજા પ્રકારથી ષટ્કોણનું લક્ષણ ॥

अथवा जिनभक्तकुण्डमानात्तिथिभागैः स्वख-भूपभागहीनैः । मितकर्कटकोद्भवे तु वृत्ते विधुरिक्तैः समषड्भुजैः षडस्रम् ॥ ४४ ॥

अन्वयः—अथवा जिनभक्तकुण्डमानात् स्वखभूपभाग-

हीनैः तिथिभागैः मितकर्कटकोद्भवे वृत्ते विधुरित्तैः समषड्-
भुजैः षडस्रं भवति तु निश्चये ॥ ४४ ॥

(સ૦ ટી૦)—અથવા ક્ષેત્રના ૨૪ ભાગ કરી તેમાંથી પંદરમો ભાગ પોતાના ૧૬૦ ભાગ કમી કરીને લઇ તે. તત્પરિમિત વ્યાસાર્ધથી વૃત્ત કરવું, અને તેજ કર્કટકથી ઉત્તર દિશાથી પ્રારંભ કરીને વૃત્તમાં ૬ ચિહ્ન કરીને તેઓને જોડનારા છ ભુજ કરવા એટલે સમભુજ ષડસ્ર થશે.

ભુજમાન—૧૪।૭।૨। ક્ષેત્રના મધ્યમાં દક્ષિણ ને ઉત્તર તરફ રેખા પૂર્વ પશ્ચિમ અધોભુજ ઉર્ધ્વભુજ પર્યન્ત દોરતાં બે ચતુરસ્ર પરસ્પર સંલગ્ન એવા થાય પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ રેખાઓમાં રહેલા તેનું માન ૭।૩।૫ છે. ભુ. ૧૪।૭।૨।

અન્તર્મુખ ભુજ ૧૪।૭।૨ ૧૪।૭।૨। અર્ધ વ્યાસ

અને મધ્યરેખા લંબ ૧૨।૭।૪। નો છે. ૨૯।૬।૪

ભૂ૦ ૨૯।૬।૪ યો૦ ૨૨।૨।૭

મુ૦ ૧૪।૭।૨ લંબેન નિઘ્નં કુમુખૈક્યખંડં ૧૨।૭।૪ લંબથી ગુણ્યા

ઐ૦ ૪૪।૫।૬ ૨૮૮।૩।૧।૫ અર્ધ ક્ષેત્ર ફલ.

અર્ધ ૨૨।૨।૭ તેનું બમણું ક્ષેત્ર ૫૭૬।૬।૩।૨

વસંતતિલકાવૃત્ત છે. ॥ ૮૮ ॥

॥ પદ્મકુંડનું લક્ષણ ॥

अष्टांशाच्च यतश्च वृत्तशरके यत्रादिमं कर्णिका
युग्मे षोडशकेसराणि चरमे स्याष्टत्रिभागोनिते ।
भक्ते षोडशधा शरांतरधृते स्युः कर्कटेऽष्टौ छदाः

सर्वांस्तां खन कर्णिकां त्यज निजायामोच्चकां स्यात्कजम् ॥ ४५ ॥

अन्वयः—हे शिष्य क्षेत्रस्य अष्टमांशात् च यतः वृद्धैः वृत्तशरके कृते यत्र आदिमं वृत्तं कर्णिकायुग्मे वृत्ते षोडश केसराणि चरमे पञ्चमे स्वाष्टत्रिभागोनिते षोडशधा शरान्तरधृते कर्कटे अष्टौ छदाः पत्राणि स्युः सर्वान् तान् खन निजयामोच्चकां कर्णिकां त्यज एवं कृते पद्मकुंडं स्यात् ॥ ४५ ॥

(स० टी०)—પહેલાની માફક ૨૪ ભાગનું જે ક્ષેત્ર હોય તેના અષ્ટમાંશથી જે વૃત્ત કર્યાં હોય તેમાં જે પ્રથમ વૃત્ત તે કર્ણિકા. ને બીજું વૃત્ત તે ત્રણ આંગળ છોડીને બનાવવું તે વૃત્ત કેશર તે ૧૬ પત્ર રૂપ છે. ફરી ત્રણ આંગળ છોડીને ત્રણ વૃત્ત બનાવવાં તે દરેક મળી પાંચ થયા.

પછી ૩ આંગળોને પોતાના ૩૮ મો ભાગ તે ૫-યૂકા ૧-બાલાગ્ર બાદ કરવું. તો ૨-આંગળ ૭-ય. ૫. યૂ.-લિક્ષા-૦-વા૦ ૧ બાકી રહ્યું. પછી એ માનથી કર્કટથી પશ્ચિમ વૃત્તમાં ૧૬-ચિહ્ન કરવા. ને તે સમાન વિભાગવાલા પાંચ વૃત્તના મધ્ય બિન્દુ ઉપરથી કર્કટક ફેરવવાથી આઠ (૮) પત્ર થશે. શાર્દૂલવિક્રીડીતછન્દ છે.

૨૪ આંગળનું ક્ષેત્રફલ ૪૫૨।૩।૧
અંતિમવૃત્ત—૨૯।૬।૬।૦ પહેલાના ક્ષેત્રફલમાં મેળવાથી
ક્ષેત્રફલ—૯૯૬।૪।૪।૫।૦ અથવા છેલ્લા ક્ષેત્રફળમાંથી બાદ
એ બેનું અંતરાર્ધ—૧૨૩।૪।૬ કરવાથી પૂર્ણ ફળ. ૫૭૫।૭।૭
॥ ૪૫ ॥

॥ અષ્ટાસ્રિ કુંડ લક્ષણ ॥

क्षेत्रे जिनांशे गजचन्द्रभागैः स्वाष्टाक्षिभागेन
युतैस्तु वृत्ते । विदिग्दिशोरंतरतोऽष्टसूत्रैस्तृतीय-
युक्तैरिदमष्टकोणम् ॥ ४६ ॥

अन्वयः—जिनांशे क्षेत्रे स्वाष्टाक्षिभागेन युतैः गजचन्द्रभागैः वृत्ते कृते विदिग्दिशोः अन्तरतः तृतीययुक्तैः अष्टसूत्रैः इदं अष्टकोणं कुंडं भवति ॥ ४६ ॥

(સ૦ ટી૦)—ક્ષેત્રના ૨૪ ભાગ કરી અને ૧૮ ભાગોવડે કરીને ૨૮ અંશોથી યુક્ત કર્કટક વડે વૃત્ત કરીને અર્થાત્ વ્યાસને બમણુ કરીને દિશાને વિદિશાઓમાં આઠ ચિહ્ન કરવાથી જે આઠ ભુજમાં ત્રણ મેળવવાથી ને તેમાંથી બે (૨) ચિહ્ન છોડી દઇને ત્રિજા ચિહ્નવડે ૮ કોણ રેખા કરવાથી તે વૃત્તને ત્યાગ કરવાથી અષ્ટાસ્રિ થશે.

વ્યાસાર્ધ-૧૮।૫।૧।૧
મધ્યેંતર-૧૪।૨।૨
વ્યાસ-૩૭।૨।૨।૨
કર્ણ-૧૪।૨।૨
ભુજા-૧૪।૨।૨
ભુજલઘુમાન-૧૦।૧।૦
લ૦-૧૦।૧।૦
રેખા-૩૪।૩।૫।૪
ઘાત-૧૪૪।૩
ભુજફલ-૪૯૨।૩।૦
કોણક્ષેત્રફલ-૫૦।૨।૦
પૂર્ણકોણફલ-૯૩।૧।૪
પૂર્વક્ષેત્રફલ-૩૮૯।૭।૦
બમણા-૧૮૬।૩।૦
પૂર્ણ-૫૭૬।૨।૦

ઉપજાતિ નામનો છન્દ છે. ॥ ૪૬ ॥

॥ બીજા પ્રકારથી અષ્ટકોણનું લક્ષણ ॥

मध्ये गुणे वेदयमैर्विभक्ते शक्रैर्निजर्ष्यंघ्रिलवेन युक्तैः ।
वृत्ते कृते दिग्विदिशोऽन्तराले गजैर्भुजैः स्यादथवाष्टकोणम् ॥ ४७ ॥

अन्वयः—अथवा मध्ये गुणे वेदयमैः विभक्ते सति पुनः निजर्ष्यंघ्रिलवेन युक्तैः क्षेत्रस्य शक्रैः भागैः वृत्ते कृते दिग्विदिशोऽन्तराले गजैः भुजैः अष्टकोणं स्यात् ॥ ४७ ॥

(સ૦ ટી૦) અથવા તો ૨૪ આંગળના ક્ષેત્રને ૨૫ ભાગ કરી. ક્ષેત્રને ૧૪ ભાગ અથવા ૧૪ આંગળ એના ૪૭ મો ભાગ (૨) યવ ૩–યૂકા૦ લિક્ષા (૪) વાલાગ્ર થયા. એને ૧૪ આંગળ મેળવી તે સરખો વૃત્ત બનાવીને કર્કટક દિશાને વિદિશાઓમાં ફેરવી ૮ ભુજરેખા કરવાથી અષ્ટકોણ કુંડ થશે.

ભુજમાન–૧૦।૭।૩
શર–૧૧।૦।૫।૪
દ્વિશર–૨૬।૩।૩
ભુ૦–૧૦।૭।૩
૩૭।૨।૬
ખંડ–૧૮।૫।૩

વ્યાસ–૨૮।૪।૬
ભુજ–૨૬।૩।૩
ક્ષેત્રફલ–૨૮૮।૪।૪
લંબ–૭।૬
૨૬।૩।૩
ક્ષેત્રફલ–૧૪૪।૫
પૂર્ણ–૫૭૬।૬।૪

ઉપજાતિ નામનો છન્દ છે. ॥ ૪૭ ॥

॥ ખાત ને કંઠનું લક્ષણ ॥

खातं क्षेत्रसमं प्राहुरन्ये तु मेखलां विना ।
कंठो जिनांशमानः स्यादर्कांश इति चापरे ४८

अन्वयः—खातं क्षेत्रसमं प्राहुः अन्ये मेखलां विना क्षेत्रसमं प्राहुः कंठः जिनांशमानः स्यात् अपरे अर्कांशः इति वदन्ति ॥ ४८ ॥

(स० टी०)—ક્ષેત્રની બરાબર ખાત કહ્યો છે. અર્થાત્ ૨૪ અંગુલના કુંડમાં ૨૪ અંગુલનો ખાત થશે. બીજા આચાર્યો–મેખલાને છોડીને કુંડની બરાબર ખાત કરવો, એવી વ્યવસ્થા સૂક્ષ્મ સ્થૂલ હવિના અનુસાર જાણવી છે. ને બીજા આચાર્યો–૧૨–મા અંશથી કહે છે. અનુષ્ટુપ્ છંદ છે. ॥ ૪૮ ॥

॥ મેખલાનું અધમાદિક પ્રમાણ ॥

अधमा मेखलैका स्यान्मध्यमं मेखलाद्वयम् ।
श्रेष्ठास्तिस्रोऽथवा द्वित्रिपंचस्वधमतादिकम् ॥

अन्वयः—एका मेखला अधमा मेखलाद्वयम् मध्यमं तिस्रः श्रेष्ठाः अथवा द्वित्रिपञ्चसु अधमादिकम् भवंति ॥४९॥

(स० टी०)—એક મેખલા અધમ છે. બે (૨) મેખલાઓ મધ્યમ છે. ત્રણ (૩) મેખલાઓ ઉત્તમ છે. અથવા બે અધમ ત્રણ મધ્યમ ને પાંચ ઉત્તમ છે. અનુષ્ટુપ છન્દ છે.[1] ॥ ૪૯ ॥

॥ ખાતં ક્ષેત્રનો સ્પષ્ટાક્ષર કરીને મેખલાનું લક્ષણ ॥

अष्टधा विहितकुंडशरांशैः संखनेद्ध्रुवमुपर्यनलांशैः । मेखला विरचयेदपि तिस्रः पङ्कजार्कलवविस्तृतपिंडाः ॥ ५० ॥

---

[1] क्रियासारे–नाभियोनिसमायुक्तं कुंडं श्रेष्ठं त्रिमेखलम् । कुंडं द्विमेखलं मध्यं नीचं स्यादेकमेखलम् ॥ लक्षणसंग्रहे–मुख्यास्तु पंच ताः प्रोक्ता मध्यमास्तिस्र एव च । द्वे स्यातां मध्यमे पक्षे एका स्यादधमाधमा ॥ विशेषः–त्रिमेखलं द्विजे कुंडं क्षत्रियस्य द्विमेखलम् । मेखलैकं तु वैश्यस्य–इति ॥

अन्वयः—अष्टधा विहितकुंडशरांशैः भुवं संखनेत् उपरि अनलांशैः तिस्रः मेखला विरचयेत् कीदृश्यो मेखलाः षड्ग-जार्कलवविस्तृतपिंडाः ॥ ५० ॥

(स० टी०)—२४ અંગુલ ક્ષેત્રને આઠ ભાગ કરીને ત્રણ ત્રણ અંગુલના પાંચ ભાગ કરવા. અથવા ૧૫ અંગુલ ભૂમી ખોદવી. ભૂમીના ઉપર ત્રણ ભાગમાં અર્થાત્ ૯ આંગળમાં ૩ મેખલા થાય છે એની ઉંચાઇ ક્રમથી ૪।૩।૨ આંગળ થશે. અથવા ખાતના ઉપર એક આંગળ ભૂમી કંઠરૂપ છોડી પ્રથમ મેખલા ૪ આંગળ, બીજી ૩ આંગળ ને ત્રીજી ૨ આંગળની કરવી. રથોદ્ધતા છન્દ છે.[1] ॥ ૫૦ ॥

॥ બીજા પ્રકારથી મેખલાનું અને નાભિનું લક્ષણ ॥

रसांशकादुन्नतविस्तृताश्च तिस्रोऽथवैका युग-
भागतुल्या । पंचाथवा षट्शरवेदरामद्व्यंशैस्ततः
स्युर्नवभागपिंडाः ॥५१॥ आद्या परास्तच्छरभागही-
ना जिनांशकंठाद्बहिरेव सर्वाः । कुंडानुकारा अपि
मेखलाः स्युरर्कांगभागोच्च ततस्तु नाभिः ॥ ५२ ॥

---

[1] विश्वकर्मा—ख्यातात्खातात् करः प्रोक्तो भित्तिं विद्ध्यंगुलेन तु । कंठात्परे मेखलास्तु उन्नता वा त्र्यंगुलैः ॥ क्रियासारे—प्रथममेखलोत्सेध गुणमत्र त्र्यंगुलम् । तद्बाह्यं मेखलोत्सेधं पंचांगुलमिति स्मृतम् ॥ तद्बाह्यमंगुलोत्सेधमंगुलद्वितयं क्रमात् । चतुस्त्र्यंगुलव्यासो मेखलात्रितयस्य तु ॥ योगिनी—मेखलाः सप्त मे देवि हस्तादिषु विशेषतः । पञ्चाग्निकांगार्कभागैर्मिताः स्युर्गोपिताः शुभा ॥ परशुरामविश्वकर्मभ्यां—खातेऽधिके भवेद्रोगो हीने धेनुधनक्षयः । वक्रे कुंडे च संतापो मरणं छिन्नमेखले ॥ मेखलारहिते शोकोऽभ्यधिके वित्तसंक्षयः । भार्याविनाशनं प्रोक्तं कुंडं योन्याविनाशनम् ॥ कुंडं वा कंठरहितं सुतानां मृत्युदं ध्रुवम् ॥

अन्वयः—रसांसकात् उन्नतविस्तृताः तिस्रः मेखलाः स्युः.अथवा युगभागतुल्या एका मेखला स्यात् वा षट्शर-वेदरामभ्यंशैः ततः पंच मेखलाः स्युः आद्या नवभागपिंडाः अपरा शरभागहीनाः सर्वाः कंठाद्बहिः एव कार्याः कुंडानुकारा अपि स्युः न नाभिः अर्कांगभागोच ॥ ५२ ॥

(સ૦ ટી૦)—ક્ષેત્રનો છઠો ભાગ અથવા ૨૪ આંગળના ક્ષેત્રમાં ચાર આંગળ ઉચી તથા પહોળી ત્રણે મેખલાઓ થાય છે.

એક મેખલા પક્ષ અથવા એક મેખલા ક્ષેત્રનો ચોથા ભાગમાં અર્થાત્ ૨૪ આંગળના ક્ષેત્રમાં ૬–આંગળ ઉચી ને ૬–પહોળી બનાવવી જોઇએ. આનું તાત્પર્ય એ છે કે પ્રથમ મેખલા ૧૨ આંગળ ઉચી બનાવવાથી ને ચાર આંગળ પહોળી ને બીજી ૮ આંગળ ઉચી ને ૪–આંગળ પહોળી ને ત્રીજી ૪ આંગળ ઉચી ને ૪–આંગળ પહોળી એમ બનાવવાથી દરેક મેખલાઓ ૪।૪ આંગળ પહોળી ને ઉચી થશે. હવે પાંચ મેખલા બનાવવાનો પક્ષ પહેલી મેખળા ૬–આંગળ પહોળી ને નવ આંગળ ઉચી. બીજી મેખલા ૫–આંગળ પહોળી અને આંગળ ૭ ય. ૧ યૂ. ૪ લિ. ૬ વા ૧ એટલી ઉચી બનાવવી. એવી રીતે ત્રીજી મેખલા. ચોથી ૩–આંગળ–ને પાંચમી ૨–આંગળ ઉંચાઇમાં પહેલાથી પંચમાંશ ન્યૂન ઉચી કરવી. જે આકારના કુંડ હોય તેવા પ્રકારની થાય છે. નાભિ પણ કુંડથી બારમા અંશ પ્રમાણે થાય છે ને પહોળી ૪ આંગળ બનાવવી. વિપરીતાખ્યાનકી ને શાલિનીછન્દ છે. ॥ ૫૧ ॥ ૫૨ ॥

॥ પ્રકારાન્તરથી નાભિનું લક્ષણ ॥

कुंडाकारो नाभिरंभोजसाम्यो वाञ्जेऽयंनेनां-

शहानिर्दलाग्रे । शेषक्षेत्रे वह्निवृत्तैः समेतैं स्युर्वै
कर्णीकेसराः पत्रकाणि ॥ ५३ ॥

अन्वयः—अथवा अंभोजसाम्यः नाभिः वा कुंडाकारः नाभिः अयं अब्जेन इनांशहानिः दलाग्रे शेषक्षेत्रे वह्निवृत्ते समे कर्णी स्युः केसराः पत्राणि स्युः ॥ ५३ ॥

(સ૦ ટી૦) બીજા પ્રકારથી વા સર્વકુંડોમાં કમલના જેવા આકારવાળી નાભિની રચના કરવી. હવે પદ્મકુંડમાં નાભિની રચના ન કરવી. ૨૪, આંગળમાં ૨—આંગળ ઉંચી ને ૪—આંગળ પહોળી નાભિ થાય છે. અંગુલના બારમો અંશ યવાદિ ૨।૫।૨।૫ એટલા બાદ કરવાથી ૪ આંગળમાં બાકી ૩।૬।૨।૩।૨ ક્ષેત્રમાં ત્રણ વૃત્ત કરવાં. જેમ અંગુલાદિ ૧૧।૬।૦।૧ એટલા વ્યાસનું પ્રથમ-વૃત્ત એનું અર્ધ કર્કટથી સિદ્ધ થાય છે. માન યવાદિ ૪।૭।૦।૦।૪ એટલા વિસ્તારનું કર્કટ પ્રથમ વૃત્ત અંગુલાદિ ૧૧।૬।૦।૧ એટલા વિસ્તારનું બીજું વૃત્ત અંગુલાદિ ૧।૬।૫।૦।૧૦ એટલાજ વિસ્તારથી કર્કટનું ત્રીજું વૃત્ત થશે. ત્રણ વૃત્તમાં પ્રથમ વૃત્ત કર્ણિકા. બીજું કેશર ને ત્રીજું પત્રસ્થા છે. કુંડના જેવી નાભિ બનાવવી યોગ્ય છે. શાલીની છન્દ છે. ॥ ૫૩ ॥

॥ કુંડમાં મુકવાની યોનીનું લક્ષણ ।

योनिर्व्यासार्धदीर्घा विततित्रिगुणलवादायता-
ऽब्धिषड्भागा तुङ्गा तावत्समंतात्परिधिरुपरिगा
तावदंशेन रम्यम् । निम्नं कुंडं विशंती चलपदल-

युगेनान्विताधोविशाला मूलात्सच्छिद्रनालांतरव-
टरुचिराश्वत्थपत्राकृतिः सा ॥ ५४ ॥

अन्वयः—व्यासार्द्धदीर्घा वितातिगुणलवात् आयता अब्धिद्विभागा तुंगा तावत् उपरिगा परिधिः मेखला तावत् अग्रेण निम्नं यथा स्यात् तथा कुंडं विशन्ती वलयदलयुगेन अन्विता अधोविशाला मूलात् सच्छिद्रनाला अन्तरवटरुचिरा अश्वत्थपत्राकृतिः सा रम्या स्यादिति ॥ ५४ ॥

(સ૦ ટી૦)—ક્ષેત્રથી અર્ધિ અર્થાત્ ૨૪ આંગળના ક્ષેત્રમાં ૧૨ આંગળ લાંબી ને આઠ આંગળ પહોળી અને ૨૪ નો અંશ ૧—અંગુલનું મેખલાયુક્ત તથા કુંડની તરફ લટકતી ને એક આંગળ કુંડમાં પ્રવેશ કરનાવાળી બે અર્ધચન્દ્રોથી યુક્ત ને નિચેના ભાગમાં સ્થૂલ મધ્યમાં ખાતયુક્તથી લઇને છિદ્ર સહિત નાલયુક્ત સુન્દર અશ્વત્થ પત્રના આકાર જેવી યોનિ બનાવવી. કોઈ એવો મત છે ઉક્ત યોનિ કુંડની માફક બનાવવી સ્રગ્ધરાછન્દ છે.[1] ॥ ૫૪ ॥

॥ ૧૨ આંગળ મેખલા ને યોનિ લક્ષણ ॥

अथार्काङ्गुलपक्षे तु मेखलानां दशाङ्गुलैः ।
विस्तृता तिथिभिर्दीर्घाङ्गुलिभिर्योनिरिष्यते॥५५॥

अन्वयः—तु पक्षान्तरे मेखलानां अर्काङ्गुलपक्षे दशाङ्गुलैः विस्तृता तिथिभिः अङ्गुलिभिः दीर्घा योनिः इष्यते ॥५५॥

---

[1] प्रयोगसारे-स्थिता प्रतीच्यामायामे सम्यक् पञ्चदशाङ्गुलम् । द्विपञ्चाङ्गुलविस्तारां षट्चतुर्थ्यङ्गुलां क्रमात् ॥

(સ૦ ટી૦)—૧૨ આંગળની મેખલાના પક્ષમાં ૧૦ આંગળની પહોળી પંદર આગળ લાંબી યોનિ બનાવવી જોઇએ, અનુષ્ટુપ્ છન્દ છે. ॥ ૫૫ ॥

॥ કુંડ કરવાની શક્તિમાં વેદીની રચના ॥

अथवापि मृदा सुवर्णभासा करमानं चतुरंगुलोच्चमल्पे । हवने विदधीत वांगुलोच्चं विबुधः स्थंडिलमेव वेदकोणम् ॥ ५६ ॥

अन्वयः—अथवा विबुधः अल्पे हवने सुवर्णभासा मृदा चतुरङ्गुलोच्चं वा अङ्गुलोच्चं वेदकोणं करमानं स्थण्डिलं एव विदधीत ॥ ५६ ॥

(સ૦ ટી૦)—અથવા વિદ્વાન્ લોક નાના હવનમાં સુન્દર મૃત્તિકાથી ૪–આંગળ અથવા એક આંગળ. ઉંચી એક હાથ સમચોરસ વેદિ બનાવવી અથવા કોઇ ૫–આંગળ વા ૮ આંગળ ઉંચી કહે છે. વસંતતિલકાછન્દ છે.[1] ॥ ૫૬ ॥

॥ મહાદેવને તોષવાને માટે ॥

इति मंडपकुंडसिद्धिमेतां रुचिरां विट्ठलदीक्षितो व्यधत्त । अधिकाशिनगर्युमेशतुष्ट्यै विबुधः शोधयतादिमां विचार्य ॥ ५७ ॥

अन्वयः—इति विट्ठलदीक्षितः एवं एतां रुचिरां मंडप-

---

[1] तंत्रांतरे—मृदा सुवर्णया वापि सूक्ष्मवालुकयाऽपि वा । अंगुलोच्चं तथा वेदांगुलोच्चं स्थंडिलं विदुः ॥ चतुःकोणमुरस्कमापीतरमल्पाहुतौ शुभम् । पंचांगुलोच्चमथवा वस्वंगुलसमुन्नतम् ॥

कुंडसिद्धिम् अधिकाशिनगरे उमेशतुष्ट्यै व्यधत्त विबुधः विचार्य इमां शोधयतात् ॥ ५७ ॥

(स० टी०)—વિઠ્ઠલ દિક્ષીતે કાશીનગરની અન્દર ઉમા-મહેશ્વરને સંતોષ કરવાને માટે આ અલ્પ કુંડસિદ્ધિ બનાવી છે. વિદ્વાન્ મનુષ્યો તેમાં કંઇ ભૂલ હોય તેને વિચારીને દુષણનો ત્યાગ કરીને વાંચે. વસંતતિલકાવૃત્ત છે. ॥ ૫૭ ॥

॥ ગ્રન્થ નિર્માણસમય ને સંવતાદિ ॥

शशियुगतिथिगण्ये याति शाके वरेण्ये विभव-
शरदि रम्ये मासि शस्ये तपस्ये । शशधरभृति-
ऋक्षेऽमुष्यपक्षे वलक्षे कमलनयनतिथ्यां भानु-
मद्वारवत्याम् ॥ ५८ ॥

अन्वयः—शशियुगतिथिगण्ये वरेण्ये शाके याति विभव-शरदि रम्ये शस्ये तपस्ये मासि वलक्षे पक्षे शशधरभृति अमुष्य ऋक्षे भानुमद्वारवत्यां कमलनयनतिथ्यां इमां कृतिं व्यधत्त ॥ ५८ ॥

(स० टी०)—શાલિવાહન શક ૧૫૪૧ ના ફાલ્ગુન શુક્લ પક્ષને દ્વાદશીને રવીવારે આદ્રા નક્ષત્રમાં આ કૃતિ પૂર્ણ થઈ છે. માલિની છન્દ છે. ॥ ૫૮ ॥

हरगोविन्दविच्छिष्यो विष्णुशर्माभिधानकः ।
सरस्वतीप्रसादेन टीकां कुर्वे सुसंस्कृताम् ॥ १ ॥

સમાપ્ત.

श्रीगणेशाय नमः। श्रीशारदायै नमः ॥

अथ कुण्डकारिका ।

(सरला टीका)

टीकाकारमङ्गलाचरणम्.

नत्वा शङ्करचरणौ स्मृत्वाऽब्जं विष्णुदत्तशुक्लेन ।
कुण्डकारिकाटीका विरच्यते सारदर्शना काचित् ॥ १ ॥

(स०)—શંકરનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરીને અને વિષ્ણુભગવાનનું સ્મરણ કરીને વિષ્ણુદત્ત શર્માવડે કુંડકારિકાની આ ટીકા વિદ્વાનોની સુગમતા માટે દરેકનો સાર લઈ રચાય છે. ॥૧॥

एकहस्तादिके कुण्डे योन्यादिविविधाकृतौ ।
सुगमेन विधानेन कर्तव्यांशेन चोच्यते ॥ १ ॥

(स०)—એક હસ્તના કુંડમાં વિધિવાળી સુંદર આકૃતિયુક્ત યોનિ બનાવવી. તેથી વધારે હસ્તમાં પણ તેવીજ રીતે કરવું. દરેકને સરલ પડે તે પ્રમાણે વિધિયુક્ત કરવી તેમ કહ્યું છે. ૧.

॥ ચતુરસ્રસાધનનો ઉપાય ॥

चतुर्विंशांगुलैः साध्ये द्वि (४८) गुणा रज्जुरीर्यते ।
अन्ते पाशद्वयं तस्मात्तस्यार्द्धे लांछनं ततः ॥ २ ॥

---

[1] पारिजाते—यावन्मात्रं भवेत् कुंडं तावद्दलं प्रकल्पयेत् ।
करमितत्वरेणैव चतुर्विंशांगुलेन तु ॥
त्रिपुरासारे—क्षेत्रे शिष्या हि पुरोभूमागेऽस्थमेकम् ।
योन्यादार्द्धे सुनिश्चितमभिप्रायमेव् सम्प्रदाय ॥

मध्यात्षडंगुले चैकं ततः षडंगुलेऽपरम् ।
साध्ये पूर्वापरौ शंकू तयोः पाशौ निधाय च ॥ ३ ॥
मध्यात्षडंगुलं नीत्वा विदिशाकर्षयेत्ततः ।
षडंगुलेऽशके शंकुः स्याचैवं त्रिविदिक्षु च ॥ ४ ॥
दत्ते शंकुत्रये चैव चतुरस्रं च साधयेत् ।

(સ૦)—૨૪ આંગળનો કુંડ બનાવવામાં ૪૮ આંગળની દોરી લેવી અને તેના બન્ને છેડાપર પાશ કરીને મધ્યમાં એક ચિહ્ન કરવું. પછી તે મધ્યથી ૭ ૭ આંગળના અન્તરે ત્રણ ચિહ્ન કરીને પૂર્વ અને પશ્ચિમ દિશામાં બે શંકુઓમાં પાશો મુકવા, અને મધ્યથી ૭ આંગળ છોડી દઈ તેના મધ્ય ચિહ્નને અગ્નિકોણમાં ખેંચી ૭ અંગુલના અન્તરે શંકુ આપવા. અને નૈર્ઋત્ય, વાયવ્ય અને ઈશાનમાં પણ તેવી રીતે ૭ ૭ આંગળના અન્તરે શંકુ ખેંચી સરખા કર્ણવાળો સુંદર સમચતુરસ્ર સાધવો.[૧] ૨–૪.

॥ યોનિકુંડ પ્રકાર ॥

अष्टाविंशांगुला रेखा वोदीची षड्यवाधिका ॥
तन्मध्यतस्तथा प्राची सूत्रयुग्मे त्रिकोणकम् ।
अर्द्धतः श्रोणियुग्मार्द्धाद्बहिर्भागे वरांगकम् ॥ ५ ॥

(સ૦)—યોનિકુંડને વિષે અઠાવિશ આંગળને ૭ યવ ઉત્તર દિશા તરફ વધારી તેનું મધ્ય એટલે ૧૪ આંગળ અને

---

[૧] त्रिपुराधारसमुच्चये–यावत् कोणं परमपि तथा सूत्रयुग्मस्य पातम् ।
मध्यात् कुर्याद् भवति तदिदं मन्मथावाधकुण्डम् ॥
सिद्धान्तशेखरे–योन्याख्यमुच्यते कुण्डमाग्नेय्यामुत्तरामुखम् ।
प्रजाभृद्धी च तापेन शस्तं तत्रापि पूर्ववत् ॥
चतुष्कोष्ठं समं कुर्यादंशं क्षेत्रस्य पञ्चमम् ।
योनिकुंडमिदं भद्रे भोगदं सुभगं मतम् ॥

૩ યવ તે પ્રમાણે ૨૮ આંગળને ૯ યવનું સૂત્ર પૂર્વ પશ્ચિમ આપી બન્ને બાજુ કર્ણ દોરવાથી ત્રિકોણ થશે અને બહાર બન્ને શ્રોણિને વિષે બે અર્ધવૃત્ત કરવાં. ૫.

॥ અર્ધચન્દ્રનો પ્રકાર ॥

यवार्द्धादधिकेनैव ग्रहचंद्राङ्गुलेन वै ।
वृत्तं कृत्वा द्विधाभक्तमर्धचंद्रं भवेत्तु तत् ॥ ६ ॥

(स०)—અર્ધચન્દ્ર કુંડમાં ૧૯ આંગળ ને ૦ યવ ને ૪ ચાર યૂકાનું ગોળ વૃત્ત કરીને બે ભાગ કરવાથી અર્ધચન્દ્ર નામનો કુંડ થશે.[1] ૬.

॥ ત્રિકોણકુંડનો પ્રકાર ॥

चतुर्स्त्रिंशांगुला चोदक् प्राचीनमध्यतस्तथा ।
यवोना तु लिखेत्तत्र पार्श्वसूत्रे त्रिकोणकम् ॥ ७ ॥

(स०)—ત્રિકોણ કુંડ બનાવવામાં ૩૪ આંગળને મધ્યથી ઉત્તર દક્ષિણ ૩૪ અંગુલ વધારી એક યવ ઓછો એવા ૩૩

---

[1] यद्यपि उक्तरीत्या करणेऽपि, अर्धचन्द्रं भवति—तथापि प्रागुक्तसूत्रसंपातरूपो मध्यो व्यभिचरति ॥

सिद्धांतशेखरे—नवधा विभजेत्क्षेत्रं चतुरस्रं समं तदा ।
दक्षिणे चोत्तरे चांशमेकैकं तु परित्यजेत् ।
सार्धांशमध्यसूत्रेण भ्रमणादर्धचंद्रकमिति ॥
चतुरस्रे प्रदेशेऽर्के स्वशराणां तदंशकौ ।
मध्ये सार्धांशमानेन कुंडं चार्धेन्दुरूपमिति ॥
शारदायां—चतुरस्रीकृतं क्षेत्रं दशधा विभजेत्पुन ।
एकमेकं त्यजेदंशमथ कर्णं च तंत्रवित् ॥
उत्तपूर्वं पातयेद्दक्षे तस्मान्मध्यदेशतः ।
अर्द्धचंद्रनिभं कुण्डं रमणीयं भवेदिति ॥

અંગુલ ને ૭ યવોએ કરી બન્ને પાર્શ્વમાં સૂત્ર આપવાથી શત્રુનાશ કરનાર સુન્દર ત્રિકોણુ થશે.[1] ૭.

॥ વૃત્તકુંડનો પ્રકાર ॥

सप्तविंशांगुलार्द्धेन सूत्रेण रचयेद्भूमिम् ।

(સ૦)—વૃત્તકુંડને વિષે ૨૭ અંગુલના વ્યાસને ૧૩ અંગુલ ને ચાર યવ વ્યાસાર્ધવડે કરી સૂત્ર દોરવાથી સુન્દર એવો વૃત્તકુંડ થશે.[2]

॥ ષટ્કોણુનો પ્રકાર ॥

प्राची त्रिंशांगुला मध्ये वोदीची वरदांगुला ॥ ८ ॥
तस्याः प्रांतद्वये प्रत्यक्प्राक्च चांकं त्रिभिस्त्रिभिः ।
अंकात्पार्श्वद्वये प्राच्याः सूत्रपङ्क्ते षडस्रकम् ॥ ९ ॥

(સ૦)—ષટ્કોણુ કુંડ બનાવવામાં પૂર્વ દિશામાં ૩૦ અને

---

[1] महाकपिलपंचरात्रे–द्वात्रिंशदंगुलं सूत्रं त्रिधा तत्पातयेद्भुवि ।
पूर्वाग्रं कुंडकं कृत्वा त्रिकोणं तु प्रकाशयेत् ॥
क्रियासारे–क्षेत्रमष्टांशकं कृत्वा पार्श्वयोरंशकौ बहिः ।
न्यस्त्वा तन्मानसूत्रेण न्यसेत्सूत्रत्रयं समम् ॥
त्रिपुरासारे–शर्वरीसार्द्धभागीकृतक्षेत्रतः पार्श्वयोर्न्यस्य भागद्वयं पण्डितः ।
येन मानेन सूत्रद्वयं विन्यसेत् कुण्डमेतद्भवेद्धदनेत्रास्रकम् ॥

[2] शारदातिलके–अष्टादशांशके क्षेत्रे बहिरंशं न्यसेद्बुधः ।
भ्रामयेत्तेन मानेन वृत्तं कुंडमनुत्तमम् ॥
सिद्धान्तशेखरे–चतुरस्रेषु संसिद्धे तद्वाह्ये भागमष्टकम् ।
क्षेत्रस्य विन्यसेद्दिक्षु मध्यात्तन्मानसूत्रतः ॥
भ्रमणभ्रामणेनैव वृत्तं कुंडमुदीरितम् ॥
त्रिपुरासारे–दिग्गजादधिकपंक्तिभागतः क्षेत्रतो निखिलधीर्बहिर्न्यसेत् ।
भागमेकममनेन सर्वतो भ्रामयेद् भवति वृत्तमुत्तमम् ॥

મધ્યમાં ઉત્તર દક્ષિણમાં ૩૨ આંગળ દોરી આપી તેની બન્ને બાજુમાં ત્રણ ત્રણ ચિહ્ન કરવાં અને એ અંકોની બન્ને બાજુમાં ઉપર પ્રમાણે દરેક દિશાઓમાં ૭ સૂત્રો આપવાથી નેત્રરમ્ય એવો ષડસ્રકુંડ થશે.[1] ૮-૯.

॥ પદ્મકુંડ પ્રકાર ॥

द्वादशांगुलसूत्रेण मध्यतो वृत्तमालिखेत् ।
सार्द्धे पंचयवैर्युक्तं मन्वंगुलमितं बहिः ॥ १० ॥
दिशां च विदिशां चैव वसुसूत्राणि पातयेत् ।
दिक्स्थसूत्रेषु च मध्यांकाच्छंकुं वसुदशांगुले ॥ ११ ॥
दत्वा दलाग्रमर्यादां सूत्रेणादिभ्रमाद्भ्रमिम् ।
कृत्वा चंद्रार्द्धभाकारान्दलांश्च वसुसंख्यकान् ॥ १२ ॥
विष्टा बहिष्ठसंत्यागात्पद्माभं कुण्डमीदृशम् ।

(ટી૦)—પદ્મકુંડ બનાવવામાં ૧૨ આંગળના સૂત્રથી પહેલાં મધ્યવૃત્ત કરવો અને બહિર્વૃત્ત ૧૪ આં, ૫ યવ, ૪ યૂકા, ૭ લીક્ષાથી દોરવો. દિશાવિદિશાઓમાં આઠ સૂત્રો પાડવાં. મધ્યથી સૂત્રના ઉપર નવ અંગુલે શંકુ રાખી દિશાવિદિશાઓમાં અર્ધચન્દ્રાકાર આઠ પત્રો દોરવાથી વિધિયુક્ત સુન્દર પદ્મકુંડ

---

[1] शारदायां—अष्टधा विभजेत्क्षेत्रं मध्यसूत्रस्य पार्श्वयोः ।
भागं न्यसेदेकमेकं मानेनानेन मध्यतः ॥
युग्मोत्थांकयुगे मत्स्यचतुष्कं संप्रवर्तयेत् ।
षडस्रं ततो दद्यात्षडस्रं कुंडमुत्तमम् ॥
वासिष्ठे-षड्भागहृदिनो मत्स्यैश्चतुर्भिः स्यात्षडस्रकम् ॥
त्रिपुरसारे-पार्श्वद्वन्द्वे गुणयुगयुगं सूत्रषट्केणपातम् ।
कुर्यात् वृत्तं भवति तदिदं षट्कोणं मनोज्ञम् ॥

થશે. અથવા ૧૮ અંગુલના વ્યાસવાળો વર્તુલ સુદી દોરેલી રેખાઓ ઉપર શંકુ સુદી અર્ધચન્દ્ર આઠ વૃત્તો કરવાથી પણ પદ્મકુંડ થશે.[1] ૧૦–૧૨.

॥ અષ્ટકોણકુંડનો પ્રકાર ॥

वसुनेत्रांगुले सूत्रं सपादत्रियवाधिकम् ।
कृत्वा वेदाश्रिसंसाध्यं दिग्विदिक्ष्वंतरावसु ॥ १३ ॥
अंकेषु मध्यमं हित्वा वसुसूत्राणि पातयेत् ।
वसुकोणान्विशिष्यंते मार्जनाद्वसुकोणकम् ॥ १४ ॥

(સ૦)—અષ્ટકોણ કુંડ બનાવવામાં ૨૮ આંગળ, ૩ યવ ને ૨ યૂકાના વ્યાસવાળો વૃત્ત કરી દિશાઓ ને વિદિશાઓને સાધી ત્યાં આઠ ચિહ્ન કરી પછી આઠ સૂત્રો પાડવાં અને એક સૂત્રને બીજા સૂત્ર સાથે ભૂજ દેવાથી અને વૃત્તને કાઢી નાખવાથી શોભાયમાન અષ્ટકોણ થશે.[2] ૧૩–૧૪.

॥ સપ્તાસ્રિકુંડનો પ્રકાર ॥

वेदचंद्रांगुलं सूत्रं पादोनत्रियवाधिकम् ।
मित्वा मंडलकं साध्यं तस्यार्द्धं दशधा भजेत् ॥ १५ ॥

---

[1] त्रिपुरासारे-दशांशेऽत्र विन्यस्य बाह्येऽक्षमेकं
परिभ्राम्य तेनैव वृत्तं दलानाम् ।
बहिर्मध्यमे कर्णिकाश्चापि कुर्याद्
भवेदष्टपत्र बुध पद्मकुण्डम् ॥

[2] कुण्डरत्नाकरे-जिनांशेऽनः सूत्रे वसुयुगमितैरंगुलवरैः
रसैर्थैकांशांशे सहितमपि वृत्तं विरचयेत् ॥
दिगंशैरेकस्याप्यथ धृतिलवैः सप्तदशभि-
र्गुणैरष्टाभिस्तच्छमरहितमष्टास्रि कथितम् ॥
कुण्डकल्पद्रुमे तु अष्टप्रकारेण अष्टास्रिकुण्डम् ।

જ્યા આપવાથી ને ધનુષનો ભંગ કરવાથી ભૂતોનો નાશ કરવાવાળો સુન્દર પંચાસ્રિકુંડ થશે.[1] ૧૭–૧૮.

॥ ખાતપરિધ્યાદિપ્રકાર ॥

पञ्चदशांगुले खाते भित्त्वा बाह्ये च मेखलाः ।
सर्वतोऽङ्गुलमात्रा भूस्त्यक्त्वा तिस्रो बहिर्वहिः ॥ १९ ॥
नवपङ्क्त्यंगुलोचास्ताश्चतुस्त्रिद्व्यंगुलाः पृथक् ।
तासामुपर्यधोभागे दैर्घ्ये कुंडार्द्धसंमिता ॥ २० ॥
कुंडत्र्यंशेन विपुला तुंगा जिनांककेन च ।
तावत्परिधिसंयुक्ता चाधोश्वत्थदलान्विता ॥ २१ ॥
अंगुलाग्रगता कुंडे अधो नालेन संवृता ।
चतुरंशमिता नाभिर्द्व्यंशोच्चा कुंडमध्यगा ॥ २२ ॥

